Gujarat Samachar
Date: 13 Oct. 2016



## અધિકારીઓની માગણી સામે સહકારી બૅન્કોને રક્ષણ

# ફસાયેલી મૂડી પર વ્યાજના ઉમેરાને નફો ગણીને ટેક્સ ન માગી શકાય

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

બેન્કોની ફસાયેલી મૂડી પર ચોપડે ઉધારવામાં આવતા વ્યાજને બૅન્કની આવક ગણી લઈને તેના પર આવકવેરા ખાતું આવકવેરો આકારી શકે નહિ એવો ચૂકાદો કર્ણાટકની હાઈકોર્ટે આપ્યો છે.

## કર્ણાટક હાઈકોર્ટના ચુકાદાને કારણે સહકારી બેન્કોને રાહત થશે

આવકવેરા અધિકારીઓએ ફસાયેલી મૂડી પર ચોપડે ઉધારવામાં આવેલા વ્યાજને પણ બૅન્કની આવક ગણી લઈને તેના પર વેરાની માગણી કરતીં શ્રી બાસવેશ્વરા સહકારી બૅન્કે કોર્ટના દરવાજા ખખડાવવા પડ્યા હતા. આ જ રીતે બૅન્કને પાછા મળશે કે નહિ તે અંગેની શંકા હોય તેવા શંકાસ્પદ લેણા પર પણ ચોપડે ઉધારવામાં આવેલા વ્યાજ પર આવકવેરાની માગણી કરી શકે નહિ. આ એક એકાઉન્ટિંગની સિસ્ટમ જ હોવાથી તેના પર વેરો લઈ શકાય નહિ તેવો મત હાઈકોર્ટે દર્શાવ્યો છે.

જોકે બીજી તરફ સહકારી બૅન્કના સભાસદની મુદતી થાપણો પર ચૂકવવામાં આવતું વ્યાજ રૂા. ૧૦,૦૦૦થી વધુ થઈ જાય તો તેવા સંજોગોમાં તેમાંથી ટીડીએસ કરવા હાઈકોર્ટે જણાવ્યું છે. સભાસદોની મુદતી થાપણોને ટીડીએસમાંથી બાદ આપવાની હાઈકોર્ટે સ્પષ્ટ ના પાડી દીધી હતી.